**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૧/૧/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**WEL COME 2015** **HAPPY NEW YEAR**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૦૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી ૩૩૧ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૪૪ બિયર ટીન અને ૦૨ ઓટોરીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૦૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓ અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખોટી પોલીસી ઉતરાવ્યા અંગેની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૦૩/૧૫**

**ક્રાઇમબ્રાન્ચ :** રાજેન્દ્રભાઇ ચંદુલાલ રાવલ (ઉ.વ.૫૩)(રહે.શુગુન એપાર્ટમેન્ટ,વિ-૨, આર.સી.સ્કુલ સામે, વાસણા) એ તા.૩૧/૧૨/૧૪ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૪ ના જાન્યુઆરી થી જુલાઈ ૨૦૧૪ દરમ્યાન આરોપી ભાવિન કિરીટકુમાર સોની (રહે.આશાપુરા સોસાયટી, વિ-૨, આવકાર હોલ પાસે, ઘોડાસર) એ રાજેન્દ્રભાઇને છેતરવાના ઈરાદે તેમને અને તેમના મિત્ર અજયભાઈ પટેલને રીલાયન્સ કંપની લાઈફ ઈન્સ્યોરન્સ પોલીસીની લોભામણી સ્કીમ જણાવી, રાજેન્દ્રભાઇને વિશ્વાસમાં લઇ, સ્કીમમાં મિત્ર અજ્યભાઈ પટેલ તથા પત્ની દેવાંગનાબેનના નામે પોલીસી કઢાવી, કુલ રુપિયા ૧૭,૫૦,૦૦૦/- આરોપી ભાવિને મેળવી લઇ તે પેટે ખોટી બનાવટી પોલીસીની રીસીપ્ટો આપી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.ટંડેલ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૦૪/૧૫**

**શાહીબાગ :** કિરીટભાઇ નટવરભાઇ દંતાણી (રહે, કેશવજીની ચાલી, બોમ્બે હાઉસીંગ સામે, સરસપુર) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૧૪ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે કેમ્પ સદરબજાર સર્વન્ટ ક્વાટર્સ નજીક આવેલ રામાપીરના મંદીર પાસે પોતાની લોડીગ રીક્ષા નંબર જીજે.૧.સી.વાય.૮૬૬૫ પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩૧/૧૨/૧૪ રાતનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વજેસિંહ બાબુસિંહ ચલાવે છે.

**<u>ત્રીજા માળની સીડી ઉપરથી પડી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૦૫/૧૫</u>**

**ઘાટલોડીયા :** વિરશીગભાઇ મગનભાઇ પટેલ (ઉ.વ.૪૦)(રહે.અર્જુનગ્રેસ, રત્નાપાર્ક ઘાટલોડીયા) તા.૨૬/૧૨/૧૪ નારોજ અર્જુનગ્રેસ બિલ્ડીંગની સીડી ઉપરથી ત્રીજા માળેથી નીચે પડી જતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને વા.સા. હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૧૨/૧૪ ના કલાક ૫/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.